નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળના સંવર્ગોમાં સીધી ભરતીથી નિમણૂંક કરી ભરવાની થતી જગ્યાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે ૪ ટકા જગ્યાઓ અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:મકમ/૧૧૨૦૧૪/૩૬૨૩૦/અ,
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૭/૨૦૨૨.
0 5 JUL 2022

વંચાણે લીધા:

૧. આ વિભાગનો તા:૨૭/૦૧/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ
૨. સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭/૦૯/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ.૨
૩. આ વિભાગનો તા:૧૮/૦૮/૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪).
૪. દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સમાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ભારત સરકારના તા:૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક: 38-16/2020-DD-III.
૫. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૨૨/૦૬/૨૦૨૨નો પત્ર ક્રમાંક:વિજાક/મકમ/૨૨/૨૦૨૨-૨૩-૧૯૮૨.

આમુખ:

વંચાણે લીધેલ ક્રમ-૧ પરના આ વિભાગના તા:૨૭/૦૧/૨૦૧૪ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ ખાતાની જગ્યાઓમાં સીધી ભરતીમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે કેટેગરી વાઇઝ ત્રણ (૦૩) ટકા અનામત નિયત કરવામાં આવેલ હતી.

**The Rights of Persons with Disabilities Act, 2016**ની કલમ-૩૩ મુજબ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમ-૨ પરના તા.૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવથી સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગજનો માટે રાજ્ય સરકારની સેવાઓ/જગાઓમાં ચાર(૦૪) ટકા અનામત રાખવા અંગેની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-૩ પરના આ વિભાગના તા:૧૮/૦૮/૨૦૨૧ના પરિપત્રથી ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામામાં જે સંવર્ગોની દિવ્યાંગતા નક્કી થયેલ છે તે સંવર્ગો સાથે જે તે

વિભાગના સંવર્ગો સામ્યતા ધરાવતા હોય તો તેવા સંવર્ગો માટે ભારત સરકારે નક્કી કરેલ દિવ્યાંગતાને માન્ય ગણવાની રહેશે અને આ માટે જે તે વિભાગના સચિવશ્રીએ પોતાની કક્ષાએથી હુકમો બહાર પાડવાના રહેશે તેવી સૂચનાનો પરિપત્ર કરવામાં આવે છે.

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણએ વંચાણે લીધેલ ક્રમ-૫ પરના તા.૨૨/૦૬/૨૦૨૨ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષક સંવર્ગોમાં દિવ્યાંગો માટે જગ્યાઓ સિનિશ્ચિત કરવા દરખાસ્ત કરેલ હતી, જે વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, **The Rights of Persons with Disabilities Act, 2016** મુજબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકની આદર્શ નિવાસી શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષક સંવર્ગમાં સીધી ભરતીના કિસ્સામાં ભારત સરકારના જાહેરનામામાં માન્ય રાખેલ નીચેના કોષ્ટકની વિગતે દિવ્યાંગો માટેની જગ્યાઓ સુનિશ્ચિત કરવાનું આથી ઠરાવવામાં આવે છે:-

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | દિવ્યાંગતાનો પ્રકાર | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D | E |
| ૧ | મદદનીશ શિક્ષક (માધ્યમિક વિભાગ) | 3 | B, LV | HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI | MD involving (a to d) above |
| ૨ | મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક વિભાગ) | 3 | B, LV | HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI | MD involving (a to d) above |

CATEGORY ABBREVIATIONS USED : B=Blind , LV=Low Vision, D=Deaf, HH=Hard of Hearing , OA=One Arm, OL=One Leg, BA=Both Arm, BL=both leg, OAL=One Arm and One Leg, BLOA=Both Leg & One Arm, BLA=Both Legs Arms, CP=Cerebral Palsy, LC=Leprosy Cured, DW=Dwarfism, AAV=Acid Attack Victims MDy=Muscular Dystrophy, ASD=Autism Spectrum Disorder(M=Mild, MoD=Moderate), ID=Intellectual Disability, SLD=Specific Learning Disability, MI=Mental Illness, MD=Multiple Disabilities.

૨. આ જગ્યાઓમાં ઉપરોક્ત કેટેગરીની દિવ્યાંગ વ્યક્તિઓ એક ભરતી પ્રસંગે ઉપલબ્ધ ન થાય તો તેવી અનામત જગ્યાઓ સરકારશ્રીના પ્રવર્તમાન હુકમો/નિયમો ધ્યાને લઇ આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૩. આ ઠરાવ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર તા.૦૪/૦૭/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ. કે. પાઠક)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શ.પ. વર્ગોનું કલ્યાણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી (જ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી (કોમ્પ્યુટર શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. /- સદરહુ ઠરાવને વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- સિલેક્ટ ફાઈલ